# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-06-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# BYE ELECTION

મહેસાણાની કડી અને જૂનાગઢની વિસાવદર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીનું પરિણામ આજે જાહેર કરાયું છે. કડી વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવાર રાજેન્દ્ર ચાવડાનો વિજય થયો છે. જ્યારે કોંગ્રેસના રમેશ ચાવડા અને આમઆદમી પાર્ટીના જગદીશ ચાવડાનો પરાજય થયો છે. કડી બેઠક પર ભાજપની જીત બાદ પ્રવક્તા મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા ઋષિકેશ પટેલે પ્રતિક્રિયા આપી.

**(બાઇટ: ઋષિકેશ પટેલ)**

વિસાવદર વિધાનસભા બેઠક પર આમઆદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઇટાલીયાને 17 હજાર 581 મતથી વિજેતા જાહેર કરાયા છે. આ બેઠક પર ભાજપના કિરીટ પટેલ, કોંગ્રેસના નીતિન રાણપરીયા અને આમ આદમી પાર્ટીના ગોપાલ ઇટાલીયા વચ્ચે મુખ્ય સ્પર્ધા હતી.

ઉલ્લેખનીય છે કે આ બંને બેઠકો પર 19 જૂન મતદાન થયું હતું. કડી બેઠક પર કરસન સોલંકીનું અવસાન અને વિસાવદર બેઠક પરથી ભૂપેન્દ્ર ભાયાણીના રાજીનામાને કારણે આ બંને બેઠકો ખાલી પડી હતી.

. . . . . . . . . . .

# KUNVARJI GANDHINAGAR

રાજ્યમાં જળાશય, નહેર, તળાવના નિર્માણ-સમારકામ તેમજ 'કેચ ધ રેઇન' અભિયાન અંતર્ગત 18 કરોડ રૂપિયાથી વધુની કિંમતના 122

વાહનોને જળ સંપત્તિ મંત્રી કુંવરજી બાવળીયાએ ગાંધીનગરથી લીલીઝંડી આપી. આ પ્રસંગે શ્રી બાવળીયાએ જણાવ્યું, આ વાહનો દ્વારા વાર્ષિક અંદાજે 70 લાખ ઘન મીટરથી વધુ માટીકામ તેમજ હયાત નહેર, બંધના પાળાપર પર ઉગી નીકળેલ નડતરરૂપ ઝાડી-ઝાખરા તેમજ નકામી વનસ્પતિને દૂર કરવાની કામગીરી કરાશે. આ કામગીરીથી જળાશય સલામતીમાં વધારો થશે અને ગામ તળાવોની જળ સંગ્રહશકિત વધશે.

(બાઇટ: કુંવરજી બાવળિયા, જળસંપત્તિ મંત્રી)

. . . . . . . . . . .

# STATE RAIN

રાજ્યમાં આજે સવારે છથી બપોરે 12 વાગ્યા સુધીમાં 78 તાલુકામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો. સત્તાવાર યાદી મુજબ, સૌથી વધુ સાત ઈંચ વરસાદ સુરત શહેરમાં વરસ્યો છે. જ્યારે સુરતના કામરેજ સહિત 14 તાલુકામાં એકથી પાંચ ઈંચ જેટલો વરસાદ થયાના અહેવાલ છે. સાથે જ રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 18 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે.

સુરતનાં અમારાં પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે, સુરત શહેરમાં દસ વાગ્યા સુધીમાં માત્ર બે કલાકમાં પોણા છ ઈંચ વરસાદ થતાં શહેરમાં જનજીવન થંભી ગયું. શહેરના ખ્વાજાનગર, માન દરવાજા વિસ્તારમાં ઘૂટણસમા પાણી ભરાઈ જતાં લોકોએ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. દરમિયાન કલેક્ટરે બપોરની પાળીના શાળાના બાળકોને રજા આપવા સૂચન કર્યું.

રાજકોટના અમારા પ્રતિનિધિ જણાવે છે, ભાદર બે બંધનો એક દરવાજો 0.3 મીટર ખોલાતા હેઠવાસના ગામના લોકોને સાવચેત રહેવા સૂચના અપાઈ છે.

તાપીમાં પણ સાર્વત્રિક વરસાદી માહોલ યથાવત્ છે. અમારા પ્રતિનિધિ નીરવ કંસારા જણાવે છે, બપોરે 12 વાગ્યા સુધીમાં વ્યારામાં સૌથી વધુ એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

ડાંગનાં અમારાં પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે, વરસાદના કારણે વાતાવરણ આહલાદક બન્યું છે. ગત 24 કલાકમાં સૌથી વધુ બે ઈંચ જેટલો વરસાદ આહવા તાલુકામાં નોંધાયો.

. . . . . . . . . . .

# GARC-REPORT

ગુજરાત વહીવટી સુધારણા પંચ-GARCએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ત્રીજો અહેવાલ સોંપ્યો છે.

GARCના અધ્યક્ષ ડૉ. હસમુખ અઢિયાના દિશાદર્શનમાં પંચના અહેવાલમાં ડિજિટલ માળખા અને વ્યવસ્થાત્મક સુધારાઓના માધ્યમથી પારદર્શી, ઝડપી અને નાગરિક કેન્દ્રિત શાસન સુનિશ્ચિત કરતી 10 ભલામણો કરવામાં આવી છે.

ભલામણોમાં એક વિદ્યાર્થી - એક આઈ.ડી. - એક પોર્ટલ, નિવૃત્ત સરકારી કર્મચારીઓને પેન્શન વિતરણ માટે સંપૂર્ણ ઓટોમેટેડ સિસ્ટમ, સરકારના બધા વિભાગોના GR સંકલિત કરવા વિશિષ્ટ કાર્યદળ રાજ્યના તાલુકા-ગામડાઓની તમામ સરકારી સંપત્તિઓ-

સેવાઓની GIS આધારિત પ્રણાલી - પ્રોજેક્ટ ઇન્સ્પેક્શનથી યુ.ટી.સી. સુધીની બાબતો, જાહેર પરિવહન સરકારી બસ સેવાઓમાં ટિકિટ ખરીદી QR કોડ કે UPI માધ્યમથી થઈ શકે તેવી વ્યવસ્થાઓ, DG લોકર સાથે દરેક સરકારી સેવા વિતરણ પ્રણાલી લિંક કરવા સહિતની ભલામણોનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . .

# PANCHMAHAL GOLD MEDAL

પંચમહાલનાં કાજલ ખુશલાણિએ નેપાળમાં યોજાયેલી નૃત્ય સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે, નેપાળમાં યોજાયેલી પાંચમી માઉન્ટ એવરેસ્ટ આંતર-રાષ્ટ્રીય સંગીત અને નૃત્ય રમતગમત સ્પર્ધામાં પોતાના નૃત્યની આગવી શૈલીનું પ્રદર્શન કરી કાજલે આ સિદ્ધિ મેળવી છે. કાજલનાં પરિવાર સહિત તમામ લોકોએ તેમને શુભેચ્છાઓ પાઠવી છે.

. . . . . . . . . . .